**ક્રિ. કે. નં.૭૪૦૯૭/૨૦૧૫**

**: આંક – ૧ લગત હુકમ :**

(૧) ફરિયાદી, રતનકુમાર અગ્રવાલ તે શ્રી શ્યામ ફેબ્રિક્સના પ્રોપારાઈટર દ્વારા હાલની ખાનગી સ્વરૂપની ફરિયાદી આરોપી સામે ધી. એન. આઈ. એકટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરેલ છે. જે ફરિયાદ ફરયાદીએ સને ૨૦૧૫ માં દાખલ કરેલ છે. જે બાદ ફરિયાદી કે વિ.વ.શ્રી હાજર રહેલ છે. જયારે ફરિયાદી હાજર રહેલ નથી. ફરિયાદપક્ષની માંગણી મુજબ આરોપીની પ્રોસેસના હાથ બીડા આપવા છતા ફરિયાદી છેલ્લા ૫ વર્ષમાં આરોપીને પ્રોસેસની બજવણી કરી શકેલ નથી. જયારે ફરિયાદ દાખલ કર્યાબાદ ફરિયાદી જાતે અદાલતમાં હાજર થયેલ નથી કે આરોપીને પ્રોસેસની બજવણી માટે કોઈ તજવીજ કરેલ નથી. હાલના કામે ફરિયાદીને તા.૨૧/૭/૨૨ ના રોજ હાજર રહેવા નોટીસ કરતા ફરિયાદી ૪ વર્ષથી બતાવેલ જગ્યા ખાલી કરી જતા રહેલ છે. જે બાદ ફરિયાદી તર્ફે વિ.વ.શ્રી દ્વારા હાજર થઈ નવિન સરનામું રજૂ કરેલ નથી કે ફરિયાદીને હાજર રાખવા માટે કોઈ તજવીજ કરેલ નથી. ફરિયાદી દ્વારા છેલ્લા ૫ વર્ષમાં નવિન સરનામું રજૂ કરવા કોઈ અરજી કે રીપોર્ટ આપેલ નથી. વધુમાં ફરિયાદી તર્ફે વિ.વ.શ્રી આ કામે હાજર થઈ રજૂઆત કરેલ છે પરંતુ નવિન સરનામું રજૂ કરેલ નથી કે ફરિયાદીને તે બાબતે ખુલાશા માટે હાજર રાખેલ નથી. જેથી હાલની ફરિયાદ છેલ્લા ૫ વર્ષથી બજવણી માટે મુલતવી રાખેલ છે. જેથી હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદીને હાલની ફરિયાદ આગળ ચલાવવા રસ ન હોવાનું જણાઈ આવે છે. જેથી હાલની ફરિયાદી ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ મુજબ કાઢી આજરોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં કાઢી નાંખવા માટે ઉચીત જણાઈ આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

- ફરિયાદીની હાલની ફરિયાદ ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ અન્વયે ફરિયાદીની ગેરહાજરી તથા પ્રોસેસ બજાવવા માટે સરનામું રજૂ ન કરવાના કારણ સર કાઢી નાંખવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીને છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીનું સરનામું મળી આવેથી ફરિયાદી ક્રિ. પ્રો. કોડ કલમ ૩૦૦(૫) મુજબ કાર્યાવાહી કરવા હકકદાર રહેશે.

હુકમ આજ તા.૧૩મી મે સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૩/૫/૨૦૨૩

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**
૧૮માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
સુરત – કોડ નં. જીજે ૦૧૧૨૬